# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-05-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધરોઈ બંધ ખાતે રાજ્યના પ્રથમ 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નો શુભારંભ કરાવ્યો
2. રાજ્યમાં ગત ત્રણ વર્ષમાં અંદાજે 225 ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરાતા શહેરીકરણને વેગ મળ્યો
3. મહેસાણાના સુંદરપુરા ગામમાં દીવાલ ધરાશાયી થતાં 3 લોકોના મોત
4. રાજ્યમાં આગામી 5 દિવસમાં કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ આગાહી
5. દીવ ખાતે ચાલી રહેલી ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સમાં આજે કબડ્ડીમાં હરિયાણાની પુરુષ અને મહિલા ટીમે સુવર્ણ ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM ADVENTURE FEST

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધરોઈ બંધ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નો શુભારંભ કરાવ્યો. તેમણે એડવેન્ચર ઝોનનું પણ ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી પટેલે સ્પીડ બોટ રાઈડનો આનંદ પણ માણ્યો હતો. તેમણે પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા સાથે એડવેન્ચર ઍક્ટિવિટી સ્થળની મુલાકાત લીધી. 45 દિવસ સુધી ચાલનારા આ એડવેન્ચર ફેસ્ટમાં પાવર બોટ, પેરાસેઇલિંગ, રોક ક્લાઈમ્બિંગ, બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈકલિંગ, કેમ્પિન્ગ સહિતની 10 એડવેન્ચર એક્ટિવિટીઝ આકર્ષણ જમાવશે.

આ પ્રવાસ દરમિયાન શ્રી પટેલે રાજ્યના કેટલાક પ્રતિભાશાળી યુવાનો સાથે વાતચીત પણ કરી હતી.

----------------

# CM DELHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી ત્રણ દિવસ દિલ્હીની મુલાકાતે રહેશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, શ્રી પટેલ આવતિકાલે યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ઉપસ્થિત રહેશે. તેમાં તેઓ રાજ્યના વિકાસકામ તેમજ ગુડ ગવર્નન્સ સંબંધિત મુદ્દાઓની પ્રસ્તૂતિ કરશે.

મુલાકાત દરમિયાન શ્રી પટેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા સાથે

પણ મહત્વની બેઠક કરશે. ઉપરાંત તેઓ ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની યોજાનારી બેઠકમાં પણ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . .

## STATE URBANIZATION

રાજ્ય સરકાર દ્વારા આ વર્ષને ‘શહેરી વિકાસ વર્ષ’ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યની શહેરી વિકાસયાત્રાને 20 વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ગત ત્રણ વર્ષમાં રાજ્યમાં અંદાજે 225 ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરાતા શહેરીકરણને વેગ મળ્યો છે. બીજી તરફ, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ શહેરી વિસ્તારોમાં આઠ લાખ 96 હજાર આવાસનું નિર્માણ કરાયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે. સાંભળીએ એક અહેવાલ.

(VOICE CAST- SAMEER ANSARI)

*(.... <u>રાજ્યના તમામ શહેરમાં માર્ગ, શેરીઓની લાઈટ, પીવાના પાણીની પાઈપલાઈન જેવા અનેક કાર્ય પૂર્ણ કરાયા છે.</u> કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલા ‘સ્માર્ટ સિટી મિશન’ અંતર્ગત અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ એમ છ શહેરમાં 11 હજાર 451 કરોડ રૂપિયાથી વધુની હાથ ધરાયેલી 354-માંથી 348 પરિયોજના પૂર્ણ થઈ છે. બીજી તરફ જામનગર-બઠિંડા રાજમાર્ગ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે, પોરબંદર-દ્વારકા રાષ્ટ્રીય રાજમાર્ગનું નિર્માણ થઈ રહ્યું છે. હવે આગામી સમયમાં અંદાજે 36 હજાર 120 કરોડ રૂપિયાના ખર્ચે નમોશક્તિ એક્સપ્રેસ વે-નું ડીસાથી પીપાવાવ સુધી નિર્માણ કરાશે, જેનાથી અમદાવાદ, રાજકોટ અને દ્વારકાની આસપાસના વિસ્તારોનું જોડાણ વધુ સુગમ*

*બનશે. ઉપરાંત સુરતમાં બનેલું ડાયમંડ બૂર્સ હીરા, પ્લેટિનમ, સોના, ચાંદી સહિત અન્ય ઘરેણાના વેપારનું આંતર-રાષ્ટ્રીય કેન્દ્ર બનશે.)*

સમાચાર વિભાગથી સમીર અન્સારી , આકાશવાણી અમદાવાદ.)

----------------

## POSHAN SANGAM

મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ આજે પોષણ સંગમ કાર્યક્રમ'નો ગાંધીનગર ખાતેથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રીમતી બાબરિયાએ જણાવ્યું, પોષણ, કાળજી અને યોગ્ય સારવાર થકી સુપોષિત ગુજરાત બનશે. આ પ્રસંગે પોષણ સંગમ ફિલ્મ, પોષણ સંગમ એપ્લિકેશન, પોષણ સંગમ મોડ્યુલર, પોષણ સંગમ પત્રક અને વાલી કાર્ડનું અનાવરણ કરાયું.

આ કાર્યક્રમ અંતર્ગત 6 વર્ષ સુધીના તમામ બાળકોનું નિયમિત રીતે વજન-ઉંચાઇ માપન, ભૂખ પરીક્ષણ, તબીબી ચકાસણી અને તેના આધારે યોગ્ય સ્તરે પોષણ અને આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ કરાવી અતિ કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટે ઝૂંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવી રહી છે.

----------------

## MEHSANA DEATH

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સુંદરપુરા ગામમાં દીવાલ પડતાં 3 લોકોના મોત થયા છે. મકાનનુ કામ ચાલી રહ્યું હતું દરમિયાન

જૂની દીવાલ ધરાશાયી થતા 6 લોકો દટાયા હતા. આ અંગે 108 ઇમરજન્સીના કર્મચારી અરુણ પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ: અરુણ પટેલ, 108 કર્મચારી)

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# AHMEDABAD CORONA

અમદાવાદમાં એક જ દિવસમાં કોરોનાના 20 કેસ નોંધાયા છે. અમારા પ્રતિનિધિ જણાવે છે અત્યાર સુધી શહેરમાં કુલ 39 જેટલા કેસ નોંધાયા છે, જેમાં આઠ દર્દીઓને હાલ રજા આપી દેવામાં આવી છે. અત્યારે શહેરમાં 31 જેટલા સક્રિય કેસ છે, જેમાં સૌથી વધારે થલતેજ, બોડકદેવ, ઘાટલોડિયા, ગોતા, ચાંદલોડિયા સહિતના વિસ્તારોમાં 10 કેસો સામે આવ્યા છે.

----------------

## BANASKANTHA-K.BAVALIYA

પાણી પુરવઠા રાજ્યમંત્રી કુંવરજી બાવળીયાએ આજે બનાસકાંઠાની પાણી પુરવઠા હસ્તકના સ્થળોની મુલાકાત લીધી. આ સાથે તેમણે પાલનપુર તાલુકાના ગઢ બ્રાંચ કેનાલ મજબૂતીકરણ કામનું પણ સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

દરમિયાન શ્રી બાવળિયાએ દિયોદર, ભાભર સહિતના સ્થળોએ વધુમાં વધુ પાણી કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી. આ અંગે વધુ માહિતી શ્રી બાવળિયાએ  આપી.

(બાઇટ- કુંવરજી બાવળિયા)

----------------

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફોરમના માધ્યમથી મોકલી શકે છે. મંતવ્ય અને વિચાર સ્વીકારવાનો આજે અંતિમ દિવસ છે.

----------------

## WEATHER

આગામી 5 દિવસમાં રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ આગાહી છે. આગામી 2 દિવસ અલગ અલગ વિસ્તારોમાં હળવો વરસાદની સાથે ઓરેન્જ એલર્ટ તેમજ તેના પછીના 2 દિવસમાં વરસાદનું યલો એલર્ટ અપાયું છે. અરબી સમુદ્રમાં સર્જાયેલું વોલમાર્ક લો પ્રેશર આગામી 24 કલાકમાં ડિપ્રેશનમાં પરિવર્તિત થશે, એમ હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે. દાસે જણાવ્યું હતું.

(બાઇટ: ડૉ.એ.કે. દાસ, નિયામક હવામાન વિભાગ)

રાજ્યમાં આજે ચાર તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો છે. સત્તાવાર યાદી મુજબ, આજે સવારે છથી સાંજે છ વાગ્યા સુધીમાં અમરેલીના લાઠી અને અમરેલી તાલુકામાં અડધા ઈંચથી વધુ વરસાદ નોંધાયો. જ્યારે અમરેલીના અને બગસરા અને ડાંગના ડાંગ-આહવા તાલુકામાં અડધા ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

કમોસમી વરસાદની આગાહીને પગલે વલસાડ જિલ્લા વહીવટી તંત્રે ખેડૂતો, અનાજના ગોડાઉન અને APMCના વેપારીઓને સાવચેત રહેવા સૂચના આપી છે.

----------------

## JUNAGADH- GOVERNOR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આજે જૂનાગઢ ખાતે કૃષિવિભાગના વિભાગીય કક્ષાના વિસ્તરણ કાર્યકરો અને અધિકારીઓ સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો.

આ પ્રસંગે, શ્રી દેવવ્રતે જૂનાગઢ અને રાજકોટ વિભાગના ૧૦ જિલ્લાના પ્રાકૃતિક કૃષિ મિશનના ગ્રામ સેવક, વિસ્તરણ અને બાગાયત અધિકારી સહિતના લોકોને, પ્રાકૃતિક કૃષિને લોકો સુધી લઈ જવા આહ્વાન કર્યું.

----------------

## GIRSOMNATH- Plastic-free campaign

આગામી પાંચમી જૂન 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના અનુસંધાને ગીરસોમનાથ જિલ્લાના ગીરગઢડા ખાતે આજે સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને કાયમી ધોરણે બંધ કરવા વિવિધ હોટેલોના સંચાલકો અને કર્મચારીઓએ પ્રતિજ્ઞા લીધી હતી.

આ સેમિનારમાં તાલુકાના વિવિધ અધિકારીઓ, હોટેલ સંચાલકો અને ગ્રાહકોને પ્લાસ્ટિકમુક્ત અભિયાનમાં સહભાગી થવા અપીલ પણ કરવામાં આવી હતી.

----------------

## KHELO INDIA BEACH GAMES

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે ચાલી રહેલી ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સમાં આજે કબડ્ડીમાં હરિયાણાની પુરુષ અને મહિલા એમ બંને ટીમોએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. જ્યારે પુરુષ વર્ગમાં રાજસ્થાને રજત અને મહારાષ્ટ્રે કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. મહિલા સંવર્ગમાં હિમાચલ પ્રદેશની ટીમ રજત જ્યારે મહારાષ્ટ્રની ટીમ કાંસ્ય ચંદ્રક જીતવામાં સફળ રહી હતી. પુરુષોની ફાઇનલમાં, કેપ્ટન મોનુ હુડ્ડાના નેતૃત્વ હેઠળ હરિયાણાએ

48-29થી એકતરફી જીત નોંધાવી. જ્યારે મહિલા વર્ગની ફાઇનલમાં, હરિયાણાની ટીમે 45-38 થી મુશ્કેલ મેચ જીતી.

----------------

## CHOTA UDEPUR TIRANGA YATRA

છોટાઉદેપુરમાં ધારાસભ્ય જયંતિ રાઠવાની આગેવાનીમાં પાણીબારથી પાનવડ સુધી તિરંગા બાઈક રેલી યોજાઈ. આ યાત્રાથી ગામમાં દેશભક્તિનું વાતાવરણ સર્જાયું હતું. આ સાથે સેનામાં ફરજ બજાવી ચૂકેલ નિવૃત્ત જવાનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. યાત્રા પૂર્ણ બાદ પાનાવડમાં "વન નેશન વન ઇલેક્શન" ના સમર્થનમાં વિચાર ગોષ્ઠીનું પણ આયોજન કરાયું હતું.

----------------